# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-10-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

---

1) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું , સરક્રીક વિસ્તારમાં પાકિસ્તાનની કોઈપણ ગેરપ્રવૃતિનો નિર્ણાયક જવાબ અપાશે.
2) રાજ્યનો નવો જિલ્લો વાવ-થરાદ આજથી સત્તાવાર રીતે અસ્તિત્વમાં આવ્યો
3) ભારતીય જનતા પાર્ટીએ પ્રદેશ અધ્યક્ષ અને રાષ્ટ્રીય પરિષદના સભ્યોની ચૂંટણીની જાહેરાત કરી
4) અસત્ય પર સત્યના વિજયના પ્રતિક સમા વિજયા દશમીની દેશભરમાં ઉજવણી-અનેક સ્થળોએ શસ્ત્ર પૂજન કરાયું
5) અમદાવાદમાં ટેસ્ટ મેચના પહેલા દિવસે વેસ્ટ ઈન્ડિઝ 162 રનમાં ઓલઆઉટ-ભારતના બે વિકેટે 121 રન

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# RAJNATH SINGH KUTCH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું , સરક્રીક વિસ્તારમાં પાકિસ્તાનની કોઈપણ ગેરપ્રવૃતિનો નિર્ણાયક જવાબ અપાશે. આજે ભુજ લશ્કરી મથકે જવાનોને સંબોધતા તેમણે ઓપરેશન સિંદૂર દરમિયાન દેશના સંરક્ષણ નેટવર્કમાં ઘૂસણખોરીના પાકિસ્તાનના પ્રયાસોને નિષ્ફળ બનાવવા બદલ ભારતીય સશસ્ત્ર દળોની પ્રશંસા કરી.

તેમણે કહ્યું , સશસ્ત્ર દળોની એકતાને કારણે ઓપરેશન સિંદૂર સફળ રહ્યું. આતંકવાદ સામે ભારતની લડાઈ સંપૂર્ણ સંકલ્પ સાથે ચાલુ રહેશે. તેમણે ઉમેર્યું , યુદ્ધ માત્ર શસ્ત્રોથી નહીં મનોબળ, શિસ્ત અને સતત તૈયારી દ્વારા જીતી શકાય છે.

(બાઇટ : રાજનાથ સિંહ - સંરક્ષણ મંત્રી)

શ્રી સિંહે લશ્કરી મથકે શસ્ત્ર પૂજા કરી હતી. તેમણે વ્યૂહાત્મક ખાડી વિસ્તારમાં ટાઇડલ ઇન્ડિપેન્ડન્ટ બર્થિંગ ફેસિલિટી અને જોઈન્ટ કંટ્રોલ સેન્ટર - JCCનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું હતું. આ સુવિધાઓ સંકલિત દરિયાકાંઠાના કામગીરી માટે મુખ્ય સક્ષમકર્તા તરીકે સેવા આપશે અને સંયુક્ત ઓપરેશનલ ક્ષમતાઓ , દરિયાકાંઠાની સુરક્ષા સંકલન અને કોઈપણ ખતરાનો ઝડપી પ્રતિભાવ નોંધપાત્ર રીતે વધારશે. સંરક્ષણ મંત્રીએ સૈનિકો સાથે વાતચીત પણ કરી હતી.

. . . . . .

# VAV-THARAD DISTRICT

રાજ્યનો નવો જિલ્લો વાવ-થરાદ આજથી સત્તાવાર રીતે અસ્તિત્વમાં આવ્યો છે. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી અને કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે થરાદ ખાતે જિલ્લા કલેકટર કચેરીનો આજે વિધિવત શુભારંભ કરાવ્યો. આ સાથે , વાવ થરાદ જિલ્લાના નવા ચાર તાલુકાઓ —ઓગડ, ધરણીધર, રાહ અને હડાદ પણ અસ્તિત્વમાં આવ્યા છે.

થરાદ ખાતે નવી જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી અને જિલ્લા પંચાયત કચેરી સહિતની કચેરીઓ આજે અસ્તિત્વમાં આવી છે.

. . . . . .

# NEW TALUKA – TAPI

પ્રભારી મંત્રી મુકેશ પટેલના હસ્તે તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાંથી બનાવાયેલા ઉકાઈ તાલુકાની નવી કચેરીઓનું આજે ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

અંતરિયાળ ગામના લોકોની રજૂઆતના પગલે રાજ્ય સરકાર દ્વારા ઉકાઈને નવો તાલુકો બનાવવાની મંજૂરી આપવામાં આવતા હવે તાપી જીલ્લામાં આઠ તાલુકાનો સમાવેશ થયો છે. તેમ શ્રી પટેલે જણાવ્યું હતું.

(બાઈટ – મૂકેશ પટેલ)

રાજ્યકક્ષાના મંત્રી ભીખુસિંહ પરમારના હસ્તે છોટા ઉદેપુર જિલ્લાના જેતપુર પાવી તાલુકામાંથી નવનિર્મિત કદવાલ તાલુકાની નવી કચેરીઓનું લોકાર્પણ કરવામાં આવ્યું.

. . . . . . . . .

# BJP ELECTION

ભારતીય જનતા પાર્ટીએ આજે પ્રદેશ અધ્યક્ષ અને રાષ્ટ્રીય પરિષદના સભ્યોની ચૂંટણીની જાહેરાત કરી છે. ગાંધીનગર સ્થિત પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે યોજાનારી ચૂંટણી અંતર્ગત આવતીકાલે સવારે 11 થી 2 કલાક દરમિયાન ઉમેદવારી પત્રો ભરી શકાશે તેમ પ્રદેશ ચૂંટણી અધિકારી ઉદય કાનગડે જણાવ્યું હતું.

(બાઇટ : ઉદય કાનગડ, પ્રદેશ ચૂંટણી અધિકારી)

4 ઓકટોબરે યોજાનાર મતદાન પ્રક્રિયામાં 292 સભ્યો મતદાન કરશે અને ત્યારબાદ મત ગણતરી હાથ ધરાશે.

. . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

........................

# DASSEHRA

અસત્ય પર સત્યના વિજયના પ્રતિક સમા વિજયાદશમીની દેશભરમાં ઉજવણી કરવામાં આવી રહી છે. આજે અનેક સ્થળોએ શસ્ત્ર પૂજા કરવામાં આવી રહી છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના નિવાસસ્થાને તેમની સુરક્ષા-સલામતી સાથે સંકળાયેલા પોલીસ જવાનો સાથે આજે શસ્ત્ર પૂજન કર્યું. સુરત શહેર પોલીસ દ્વારા યોજાયેલા શસ્ત્રપૂજન કાર્યક્રમમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા. શસ્ત્ર પૂજન કર્યા બાદ તેમણે પ્રતિક્રિયા આપી.

(બાઇટ : હર્ષ સંઘવી)

કેન્દ્ર શાસિત દમણ પોલીસે તટ રક્ષકના સહયોગથી શસ્ત્ર પૂજા સમારોહનું આયોજન કર્યું. પોલીસ મુખ્યાલય પરિસરમાં આયોજિત આ કાર્યક્રમમાં પરંપરા અને આધુનિકતાનું અદ્ભુત મિશ્રણ જોવા મળ્યું. બોટાદ જિલ્લા પોલીસ દ્વારા પણ આજે શસ્ત્ર પૂજન કરાયું. આ ઉપરાંત દશેરાના પર્વ નિમિત્તે લોકો જલેબી ફાફડાની જ્યાફત માણી રહ્યા છે.

. . . . . .

# METRO – GANDHINAGAR

ગાંધીનગરમાં આજે મેટ્રો ટ્રેનની ટ્રાયલ રન સચિવાલયથી મહાત્મા મંદિર સુધી સફળતાપૂર્વક શરૂ કરવામાં આવી. હાલ સચિવાલય સુધી ચલાવવામાં આવતી મેટ્રો ટ્રેનને વધુ પાંચ સ્ટેશન અક્ષરધામ, જુના સચિવાલય, સેક્ટર-16 અને સેક્ટર-24 તથા મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન શરૂ થઈ છે.

આ ટ્રાયલ રન પૂર્ણ થયા બાદ કમિશનર મેટ્રો રેલ સેફ્ટી – CMRS સમક્ષ જરૂરી મંજૂરીઓ માટે દરખાસ્ત કરવામાં આવશે નૂતન વર્ષના આરંભમાં નાગરિકોને મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સુવિધા ઉપલબ્ધ થશે. આ કામગીરી પૂરી થવાથી અમદાવાદ અને ગાંધીનગરના કુલ 68 કિલોમીટરના રૂટ પરના 53 સ્ટેશનોને મેટ્રો રેલ સુવિધા મળશે અને મુસાફરી વધુ સસ્તી આરામદાયક અને પ્રદૂષણમુક્ત બનશે.

. . . . . . . . . . .

# IND Vs WI

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ ટેસ્ટના પહેલા દિવસે ભારતે બે વિકેટે 121 રન પર પોતાનો દાવ સમાપ્ત કર્યો.

પ્રથમ દિવસની રમતને અંતે, કેએલ રાહુલ 53 અને શુભમન ગિલ 18 ક્રીઝ પર અણનમ રહ્યા અને ભારત 41 રનથી પાછળ હતું. વેસ્ટ ઈન્ડિઝનની ટીમને ફક્ત 162 રને ઓલઆઉટ કર્યા પછી , ઓપનર યશસ્વી જયસ્વાલ અને રાહુલે પહેલી વિકેટ માટે 68 રનની ભાગીદારી નોંધાવી. અગાઉ , ભારતના મોહમ્મદ સિરાજે 4 અને જસપ્રીત બુમરાહ 3 વિકેટ લીધી.

. . . . . . . . . .

# DHARAMRUT - IFFCO

કૃષિ મંત્રી રાઘવજી પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરના અડાલજ ખાતે ઇફકો દ્વારા નિર્મિત પ્રાકૃતિક દ્રાવણ "ધરામૃત"નું અનાવરણ કરાયું. આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું કે, નવી ટેકનોલોજીના ઉપયોગથી તૈયાર કરવામાં આવેલ આ ખાતર ખેડૂતોની સમૃદ્ધિ વધારવામાં મદદરૂપ બનશે.

દરમિયાન ઇફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ કહ્યું કે , આ ધરામૃત સંપૂર્ણ પ્રાકૃતિક હોવા સાથે ત્રણ વર્ષ સુધી તમામ તત્વોની અસરકારકતા જાળવી રાખશે.

(BYTE : દિલીપ સંઘાણી)

આ પ્રસંગે રાજકોટના સાંસદ પરષોત્તમ રૂપાલાએ કહ્યું કે , જેમ મનુષ્યને તમામ પોષક તત્વોની પૂર્તિ માટે એક બેલેન્સ ફૂડ લેવું જરૂરી છે તેવી જ રીતે ધરામૃતમાં છોડ માટે તમામ પોષક તત્વો છે.

. . . . . . . . . .

# GANDHI JAYANTI – GOVERNER

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ગાંધીજીની 156મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી. શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલે પણ આ ઉજવણીમાં ભાગ લીધો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વિદ્યાપીઠ પરિસરમાં શ્રમદાન અને ખાદીની ખરીદી કરીને સૌને સ્વચ્છતા અને સ્વદેશી અપનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે સૌને વિજયાદશમીની શુભકામનાઓ પણ પાઠવી હતી. તેમણે ગાંધી જયંતી અને લાલ બહાદુર શાસ્ત્રી જયંતીના અવસરે ગાંધીજી અને શાસ્ત્રીજીના જીવન આદર્શોનું સ્મરણ કર્યું હતું.

. . . . . . . . . . . . .

# SWACHCHHTA HI SEVA

આજે ગાંધી જયંતી અને સ્વચ્છતા હી સેવા અંતર્ગત રાજ્યભરમાં અનેક જગ્યાઓ સફાઈ સહિતના કાર્યક્રમો યોજાયા.

ડાંગ જિલ્લાના વઘઈ ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલના અધ્યક્ષ સ્થાને "સ્વચ્છ ભારત" દિવસની ઉજવણી કરવામાં આવી. શ્રી પટેલે સૌને સ્વચ્છતા પ્રત્યે જાગૃત બનવા આનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સ્વચ્છતા બાબતે શ્રેષ્ઠ કામગીરી કરનાર તાલુકા , શાળાને પ્રમાણપત્ર તેમજ સફાઇ કર્મીઓને સન્માનિત કરાયાં હતાં.

. . . . . . . . . . . . .